મહત્તમ : ૩૨.૫ ડીગ્રી
લઘુતમ : ૨૬.૫ ડીગ્રી
ભેજ
સવારે ૮૮ ટકા ● સાંજે ૭૦ ટકા

**ગાંધીનગર તાપમાન**

# આવતીકાલે અધિક માસના શુક્લ પક્ષની એકાદશી

## શ્રાવણ, અધિક માસ, શનિવાર અને પદ્મિની એકાદશીના શુભ સંયોગને કારણે આ દિવસે પૂજા, જપ, ધ્યાન અને દાન કરવાથી પુણ્ય પ્રાપ્ત થઈ શકે છે

શનિવાર, જુલાઈ ૨૯ એ શ્રાવણ અધિક માસના શુક્લ પક્ષની એકાદશી છે.આ વ્રતને શાસ્ત્રોમાં સૌથી મોટું અને મહત્ત્વનું ગણાવ્યું છે. બ્રહ્માંડ પુરાણમાં કહેવામાં આવ્યું છે કે મલમાસની એકાદશી પર ભગવાન વિષ્ણુનું વ્રત અને પૂજા કરવાની સાથે નિયમોનું પાલન કરવાથી ભગવાન વિષ્ણુ પ્રસન્ન થાય છે. અન્ય પુરાણોમાં કહેવામાં આવ્યું છે કે આ વ્રતથી મોટો કોઈ યજ્ઞ, તપ કે દાન નથી. શ્રાવણ, અધિક માસ, શનિવાર અને પદ્મિની એકાદશીના શુભ સંયોગને કારણે આ દિવસે પૂજા, જપ, ધ્યાન અને દાન કરવાથી પુણ્ય પ્રાપ્ત થઈ શકે છે. આ પુણ્યની અસર જીવનભર રહે છે. જે વ્યક્તિ આ એકાદશીનું વ્રત કરે છે તેને તમામ તીર્થયાત્રાઓ અને યજ્ઞોનું ફળ મળે છે. જે વ્યક્તિ ભગવાન વિષ્ણુ અથવા શ્રી કૃષ્ણની પૂજા કરે છે અને આ એકાદશીનું વ્રત કરે છે. તેના દ્વારા જાણતા-અજાણતા તમામ પ્રકારના પાપોનો અંત આવે છે. આવી વ્યક્તિ તમામ પ્રકારના સુખ ભોગવીને ભગવાન વિષ્ણુના વાસને પ્રાપ્ત કરે છે. એકાદશીની તિથિ ૨૮ જુલાઈ ૨૦૨૩ બપોરે ૦૨.૫૧ કલાકે શરુ થશે અને એકાદશીની તિથિ પૂર્ણ ૨૯ જુલાઈ ૨૦૨૩ ના રોજ બપોરે ૦૧.૦૫ કલાકે થશે. એટલે કે ઉદિયા તિથિ અનુસાર એકાદશીનું વ્રત ૨૯ જુલાઈએ કરવું. આ વખતે આ વ્રત ખાસ કેમ છે? આ વખતે અધિક માસની પદ્મિની એકાદશી શ્રાવણના અધિક માસની જેમ વિશેષ રહેશે. શાસ્ત્રોમાં કહેવામાં આવ્યું છે કે આવનારા ચાતુર્માસ મહિનામાં ભગવાન વિષ્ણુની પૂજા અને ઉપવાસ કરવાથી જે પુણ્ય મળે છે તે અખૂટ છે. સાથે જ શિવ અને વિષ્ણુ પુરાણમાં ખાસ કરીને શ્રાવણમાં ભગવાન વિષ્ણુની પૂજા કરવાની રીત પણ સમજાવવામાં આવી છે. તેનાથી જાણ્યે-અજાણ્યે કરેલા તમામ પ્રકારના પાપોનો અંત આવે છે.



પીપળાની પૂજાઃ અધિક માસના શુક્લ પક્ષની એકાદશી પર પીપળાની પૂજાનું પણ વિશેષ મહત્ત્વ છે. આ દિવસે સવારે વહેલા ઊઠીને પાણીમાં ગંગાજળ, કાચું દૂધ અને તલ મિક્સ કરીને પીપળાને અર્પણ કરવી જોઈએ. આમ કરવાથી ભગવાન વિષ્ણુની કૃપા પ્રાપ્ત થાય છે અને પિતૃઓ પણ સંતુષ્ટ થાય છે.

તુલસી પૂજાઃ ભગવાન શાલગ્રામને દૂધ અને જળથી અભિષેક કરો અને પૂજા સામગ્રી ચઢાવો. પવિત્ર કરેલ પાણીમાંથી થોડું જાતે પીઓ અને બાકીનું તુલસીને અર્પણ કરો. આ પછી હળદર, ચંદન, કુમકુમ, અક્ષત, ફૂલ અને અન્ય પૂજા સામગ્રીથી તુલસી માતાની પૂજા કરવી જોઈએ. અન્ન અને વસ્ત્રોનું દાન કરીને મહાયજ્ઞનું ફળ શાસ્ત્રોમાં કહેવામાં આવ્યું છે કે આ એકાદશી પર દાન કરવાથી દરિદ્રતામાંથી મુક્તિ મળે છે. એવું પણ માનવામાં આવે છે કે પદ્મિની એકાદશી પર અન્ન અને વસ્ત્રોનું દાન કરવાથી જેટલું પુણ્ય મળે છે એટલું જ પુણ્ય તમામ પ્રકારના દાન અને અનેક તીર્થસ્થાનોની મુલાકાત લેવાથી મળે છે, તેથી આ દિવસે તુલસી અને પીપળાને જળ ચઢાવવું જોઈએ. તેમજ જરૂરિયાતમંદ લોકોને મદદ કરવી જોઈએ. આ દિવસે ગાયની સેવા કરવાથી પણ વ્રતનું પુણ્ય વધે છે.

# ઢોર ડબ્બાની ઓચિંતી મુલાકાત લેતાં મેયર હિતેશભાઈ મકવાણા

## મેયર એ પશુઓને અપાતી તમામ સુવિધાઓનું નિરીક્ષણ કર્યું : સુવિધાઓ વધારવા યોગ્ય શેડ બનાવવા અને સ્વચ્છતા જાળવવા કડક સૂચના આપી





ગાંધીનગર, તા.૨૭

મેયર હિતેશભાઈ મકવાણા એ સેકટર-૩૦ ખાતે આવેલા ગાંધીનગર મહાનગરપાલિકા સંચાલિત ઢોર ડબ્બાની ઓચિંતી મુલાકાત લીધી હતી. આ દરમિયાન મેયર એ ઉપલબ્ધ તમામ પ્રકારની સુવિધાઓનું નિરીક્ષણ કર્યું હતું. મેયર એ ચોમાસાની ઋતુને ધ્યાનમાં રાખીને પશુઓ માટે યોગ્ય શેડ બનાવવો, પશુઓ માટે પૂરતો આહાર અને પાણીની યોગ્ય વ્યવસ્થા થાય, બીમાર પશુઓની સારી રીતે સારવાર તથા માવજત થાય અને ખાસ સ્વચ્છતા જળવાઈ રહે તે અંગેની સંબંધિત અધિકારી - કર્મચારીઓને કડક સુચના આપી હતી.

# ઉમા આર્ટસ અને નાથીબા કોમર્સ મહિલા કોલેજના અંગ્રેજી વિભાગ દ્વારા સ્વાગત કાર્યક્રમ યોજાયો


ગાંધીનગર, તા.૨૭

ઉમા આર્ટસ અને નાથીબા કોમર્સ મહિલા કોલેજના અંગ્રેજી વિભાગ વિભાગ દ્વારા મુખ્ય વિષય અંગ્રેજીની સેમ ૧ની વિદ્યાર્થીનીઓ માટેનો સ્વાગતનો કાર્યક્રમ યોજાયો હતો. તેનું સંચાલન અંગ્રેજી વિષયની સેમ-૫ અને ૩ની બહેનોએ કર્યું હતું. કાર્યક્રમની શરૂઆત અંગ્રેજી પ્રાર્થનાથી થઈ હતી. કાર્યક્રમમાં ૬ વિદ્યાર્થીનીઓએ પોતાના વ્યક્તવ્ય દ્વારા ડીપાર્ટમેન્ટની વિશેષતા, ફેકલ્ટી મેમ્બેર્સનો પરિચય તથા શુભેછાઓ



વ્યક્ત કરી હતી. પ્રિન્સીપાલશ્રી ડૉ.હરીતભાઈ પટેલ, અધ્યક્ષ ડૉ. મિતા શાહ તથા ડૉ.પ્રણવભાઈ જોષીપુરા, શ્રી તેજસભાઈ શાહ વગેરે ફેકલ્ટી મેમબર્સ દ્વારા નવા જોડાયેલ વિદ્યાર્થીનીઓને પોતાના વક્તવ્યો થકી આશીર્વાદ આપ્યા હતા. ભાગ લેનાર બહેનોને અધ્યક્ષ ડૉ. મિતા શાહનું માર્ગદર્શન ઉપયોગી રહ્યું હતું. ભાગ લેનાર ૧૩ વિદ્યાર્થીનીઓ ને પ્રિન્સીપાલશ્રી તથા સમગ્ર ફેકલ્ટી મેમ્બર દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. સેમ-૧,૩ અને ૫ના ૮૫ વિદ્યાર્થીનીઓ આ કાર્યથી લાભાન્વીન્ત થયા હતા.

## જન્મદિને વધામણી



દેવલબેન જોશી
પૂર્વ પ્રમુખ, લાયોનેસ ક્લબ



પ્રેરક આર જોશી
રેડક્રોસ



જય રાકેશભાઈ રાવળ



હેતક્ષ ત્રિવેદી

# બીબીએ કોલેજ ખાતે "આર્યુવેદ સ્વસ્થ રહેવાની ગુરુચાવી" વિષય પર વર્કશોપનું આયોજન



ગાંધીનગર, તા.૨૭

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન ગાંધીનગરની બીબીએ કૉલેજ ખાતે દ્વિતીય વર્ષના વિદ્યાર્થીઓ વર્કશૉપમાં જોડાયા હતા.આજનાં અતિ વ્યસ્ત અને આકુળ-વ્યાકુળ સમય વાળા જમાનામાં દરેક વ્યક્તિ એકસાથે અનેક સ્વાવલંબની પ્રવૃત્તિઓમાં સતત એકાગ્રતા કેળવી રહ્યો છે. ત્યારે આર્યુવેદની ઉપયોગિતા બાબતે વિદ્યાર્થીઓને માર્ગદશિત કરવા ઉપરોક્ત વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. ડો.રાજેન્દ્રસિંહ વાસિયા (B.A.M.S) આર્યુવેદિક ચિકિત્સક તરીકે ગાંધીનગરમાં સેવા આપી રહ્યા છે. તેઓએ વિદ્યાર્થીઓને રોજિંદા સ્વાસ્થ્યની જાળવણી માટે યોગા, હળવી કસરતો માટે ઉપયોગી સૂચનો કર્યા હતા જેથી "જિમ" જવું કે અન્ય ખર્ચાળ વિકલ્પોની પસંદગી ન કરવી પડે. રોજિંદા ખાન-પાનમાં ધ્યાનમાં રાખવાની બાબતો અને વિરુદ્ધ આહાર જેથી એલર્જીના પ્રશ્નો ઊભા થાય તે બાબતે તલસ્પર્શી માર્ગદશન આપ્યું હતું.તેમજ આંખો, દાંત, વાળ, કાનની જાળવણી માટે યોગ્ય માર્ગદર્શન આપ્યું હતું. સાથે ખોરાક માં અને ઉપરોક્ત શારીરિક માવજતમાં ગાયનું ઘી અને તેની ઉપયોગિતા બાબતે પણ જણાવ્યુ હતું.તેમજ ભૌતિક સુખ પાછળની આ લાંબી દોડ માં જીંદગીની અમુલ્ય વસ્તુને સદંતર ભુલી ગયો અને એ એટલે પોતાનું "સ્વાસ્થ્ય" "તંદુરસ્તી" ભગવાને દરેક મનુષ્ય નું ઘડતર ખુબજ સુંદર રીતે કર્યું છે.સમગ્ર કાર્યક્રમનું સફળતાપૂર્વક આયોજન કોલેજનાં આચાર્ય ડો.રમાકાંત પૃષ્ટિના માર્ગદર્શન હેઠળ ઉપાચાર્ય અને પ્લેસમેન્ટ તેમજ ટ્રેનીંગ કમિટીનાં હેડ ડો.જયેશ તન્ના, ડો.નિવેદિતા રાવલ, ડો.આશિષ ભૂવા, ડો.વિપલ પટેલ, પ્રો.પાયલ પંચાલ દ્વારા કરવામાં આવ્યું હતું.

# સે-૮ આદર્શ નિવાસી શાળા ખાતે વિદ્યાર્થીઓને આરોગ્યલક્ષી માર્ગદર્શન



ગાંધીનગર, તા.૨૭

ભારત સરકારના રાષ્ટ્રીય કિશોર સ્વાસ્થ્ય કાર્યક્રમ (RKSK) અંતર્ગત અર્બન હેલ્થ સેન્ટર, સેક્ટર-૨, ગાંધીનગરના ડૉક્ટરોની ટીમ દ્વારા અત્રેની આદર્શ નિવાસી શાળા (અ.જા.કન્યા) સે-૮, ગાંધીનગર ખાતે આજ રોજ વિદ્યાર્થીનીઓને આરોગ્યલક્ષી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સાથે સાથે દરેકને એક-એક કંપાસ ઈનામ રૂપે આપી પ્રોત્સાહિત કરવામાં આવી હતી.

# એમ.બી.પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલમાં નેશનલ ચિલ્ડ્રન સાયન્સ સેમિનાર



ગાંધીનગર, તા.૨૭

એમ. બી. પટેલ ગર્લ્સ પ્રાઈમરી સ્કૂલ તથા નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટરના ઉપક્રમે નેશનલ ચિલ્ડ્રન સાયન્સ કોંગ્રેસ ૨૦૨૩ ના સંદર્ભમાં શાળામાં અભ્યાસ કરતી ધોરણ ૬ થી ૮ ની વિદ્યાર્થીની બહેનો માટે માર્ગદર્શક સેમીનાર નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટરના મેનેજિંગ ટ્રસ્ટી ડોકટર અનિલભાઈ પટેલે ઉપસ્થિત રહી વિદ્યાર્થીની બહેનોને પ્રોજેક્ટ પસંદગી તથા પ્રોજેક્ટ વર્ક કેવી રીતે તૈયાર કરવો તેનું સુંદર માર્ગદર્શન આપેલ અને વધારેમાં વધારે વિદ્યાર્થીની બહેનો પ્રોજેક્ટમાં ભાગ લે તેવી વિનંતી કરી હતી. આ સેમિનારમાં શાળાના તમામ વિજ્ઞાન શિક્ષક મિત્રો તથા આચાર્ય ઉપસ્થિત રહેલ સેમીનારના અંતમાં આચાર્ય નીરૂબેન જે પટેલે સુંદર માર્ગદર્શન આપવા બદલ અનિલભાઈનો આભાર વ્યક્ત કરી શાળાની વિદ્યાર્થીની બહેનો આ સંદર્ભે ઝડપથી પ્રોજેક્ટ તૈયાર કરે અને રાષ્ટ્ર સુધી પહોંચે તેવી શુભેચ્છા પાઠવી હતી.

# સેક્ટર-૩ન્યૂ ખાતે સેવાભાવી સંસ્થાઓ વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો



સેક્ટર ૩ન્યૂ ખાતેના રમત ગમત મેદાનમાં આ સેક્ટરની સેવાભાવી સંસ્થાઓ સેક્ટર ૩-ન્યુ વસાહત મંડળ, સેક્ટર ૩-ન્યુ નવરાત્રિ મહોત્સવ સમિતિ, નવદુર્ગા સેવા ટ્રસ્ટ, શિવશક્તિ મંદિર ટ્રસ્ટ, યોગ પરિવાર, ગોપી મહિલા ભજન મંડળ, કૃષ્ણ મહિલા ભજન મંડળ, જય જોહાર ગ્રુપ, મધર મેરી ક્રિશ્ચિયન પરિવાર, શોપિંગ સેન્ટર વેપારી એસોસીએશનના સંયુક્ત ઉપક્રમે બીજો વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ગાંધીનગર મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જશવંતભાઈ પટેલ, શહેર ભાજપ મહામંત્રી કનુભાઈ દેસાઈ, વોર્ડ કોર્પોરેટરો રાજુભાઇ પટેલ, ડૉ. સંકેતભાઈ પંચાસરા, શૈલાબેન ત્રિવેદી તથા વિશેષ ઉપસ્થિતિમાં સુનીલભાઈ ત્રિવેદી, કૌશિકભાઈ પટેલ, ડૉ. મમતાબેન દેસાઈ વિગેરે ઉપસ્થિત રહ્યા હતા. વિશેષમાં સેકટરની આયોજક સેવાભાવી સંસ્થાઓના પ્રમુખ ઉપરાંત મોટી સંખ્યામાં સેક્ટર ૩-ન્યુ પરિવારજનો પણ ઉપસ્થિત રહ્યાં હતા.



શ્રીજી શ્રી ગોવર્ધન નાથજી હવેલી સેક્ટર-૨૧ ગાંધીનગર ખાતે અધિક માસ શ્રાવણ સુદ ૮ ને તા. ૨૬/૦૭/૨૦૨૩ બૂધવારે ગૌ ચારણ લીલા દર્શન યોજાયા હતાં.



શહેરમાં રામકથા મેદાન માં વચ્ચો વચ્ચ મસમોટો ભૂવો પડતા આખી ગાડી ભૂવામાં ખાબકી ગઈ હતી અને ગાડીના આગળના ભાગમાં નુકશાન થયું હતું.



હરિદ્વારમાં જય અંબે પરિવાર ટ્રસ્ટ ગાંધીનગર દ્વારા ચાલી રહેલ શ્રીમદ્ ભાગવત કથામાં યજમાનો દ્વારા પ્રાતઃ પૂજા કરાવવામાં આવી હતી તૃતીય અને ચોથા સકંન્ધનુ પઠન કરવામાં આવ્યું હતું.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- **સ્વ.મકવાણા લીલાબેન હિરાભાઈ** ઉ.વ.૫૦, સેકટર-૨૪ ઈન્દિરાનગર
- **સ્વ.મકવાણા અનસુયાબેન ધનજીભાઈ** ઉ.વ.૪૩, સેકટર-૨૧, છાપરાં